# આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના હેલ્થ સેન્ટર ખાતે કોરોના વેક્સીનેશન કેમ્પ

વર્તમાન કોવીડ-૧૯ ની મહામારીને ધ્યાને રાખીને આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ અને અર્બન હેલ્થ સેન્ટર, ગણેશ ચોકડી, આણંદના સંયુકત ઉપક્રમે આણંદ યુનિવર્સિટીના ડૉ. દિનેશ.એચ પટેલ, નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણ, આ.કૃ.યુ, આણંદ અને ડૉ. કેયુર હિરપરા, મેડીકલ ઓફીસર, હેલ્થ સેન્ટર, આ.કૃ.યુ આણંદના વડપણ હેઠળ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, વિધાર્થીઓ, પેન્શનરો, ફાર્મ મજુરો તથા યુનિવર્સિટીના વસાહતીઓ અને સિક્યુરીટી સ્ટાફ માટે નિ:શુલ્ક કોરોના વેક્સિન કેમ્પનું આયોજન તા. ૧૬/૦૯/૨૦૨૧ના રોજ આ.કૃ.યુ, હેલ્થ સેન્ટર ખાતે કરવામાં આવેલ. જેમાં કુલ ૪૪૦ વિધાર્થીઓ તથા કર્મચારીઓએ લાભ લીધો હતો. એપ્રીલ-૨૦૨૧ થી અત્યાર સુધી કુલ ૧૪૦૦ કર્મચારીઓ, વિધાર્થીઓ, પેન્શનરો, ફાર્મ મજુરોને પ્રથમ અને બીજા ડોઝનું વેક્સીનેશન કરવામાં આવેલ છે. સદર કેમ્પનું આયોજન ડૉ. દિનેશ.એચ પટેલ, નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણ દ્ધારા કરવામાં આવેલ હતું.




